Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે સાર્વજનિક ગ્રંથાલયોની બદલાતી ભૂમિકા

Dr. Jignesh C. Makwana
Assistant Professor - PG Department of Library and Information Science, Sardar Patel University, Vallabh Vidyanagar 388120 (Gujarat)
Cell number: +91 99243 37391, E-mail: jc_makwana@spuvvn.edu

સાર:

સર્જન અને વિસર્જન પરંપરાગત ચાલી આવતી પ્રવૃત્તિ છે. મનુષ્ય જીવન હંમેશા આ મથામણમાં રચ્યો પચ્યો રહે છે, આ બાબતનું કારણ એક જ છે કે તે સ્વભાવે વિચારશીલ પ્રાણી છે. જો કે વિચારોને હકારાત્મક રૂપ આપવામાં ગ્રંથો અને ગ્રંથાલયોનો વિશેષ ફાળો છે. કારણકે હજારો વર્ષોથી મહાન વ્યક્તિઓ દ્વારા જે કઈ કહેવામાં કે લખવામાં આવેલ છે તેનો સંગ્રહ ગ્રંથાલય દ્વારા કોઈ ને કોઈ રૂપમાં કરવામાં આવે છે. વલ્લભી, નાલંદા, ચાલુક્ય, તક્ષશિલા વગેરે ગ્રંથાલયો તેના ઉદાહરણ છે. જયારે આજે આ ગ્રંથાલયો માહિતી કેન્દ્રો, માહિતી પૃથ્થકરણ કેન્દ્રો, માહિતી તરફ આંગુલી નિર્દેશ કરતા કેન્દ્રો, યાંત્રિક ગ્રંથાલયોનું સ્વરૂપ લઇ રહ્યા છે જે આવશ્યક પણ ખરું. કારણકે ગ્રંથાલયના ઉપયોગકર્તાને આજે અધ્યતન, તુરંતજ અને પીન પોઇન્ટેડ જ માહિતી જોઈએ છે. આમ ઉપયોગકર્તાની ઈચ્છાપૂર્તિ કરવાના ઉદેશ્ય અને એક સામાજિક સંસ્થા તરીકે ગ્રંથાલય નું ચિર:વર્ધમાન સ્વરૂપ જરૂરી જ નહિ આવશ્યક છે અને એટલે જ તેના સ્વરૂપમાં બદલાવ હોવો તે જ્ઞાન આધારિત સમાજના નિર્માણ છે.

ચાવીરૂપ શબ્દો:

સાર્વજનિક ગ્રંથાલય, જ્ઞાન આધારીત સમાજ, પરંપરાગત સ્વરૂપ, આધુનિક સ્વરૂપ, સામાજિક સંસ્થા

પ્રાસ્તાવના:

આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે ગ્રંથાલય એ ત્રિમૂર્તિ છે, જ્યાં પુસ્તકો, વાંચકો, કર્મચારીઓ મુખ્યરૂપ છે. અહીં આપણે પુસ્તકો એટલેકે ઉપયોગકર્તાની જરૂરિયાત પૂરી કરવા ઉપયોગી કોઈપણ સ્વરૂપની માહિતી, વાંચકો એટલેકે સમાજમાંથી આવતો કોઈપણ વિષય સાથે જોડાયેલ વર્ગ અને કર્મચારીઓ એટલેકે પુસ્તકો અને વાંચકો વચ્ચે કડીરૂપ બનનાર નિષ્ણાંત અને તાલીમબદ્ધ મદદનીશ.

ડો. એસ. આર. રંગનાથનના મત પ્રમાણે ગ્રંથાલય એ ચીરવર્ધમાન સંસ્થા છે, તો પરંપરાગત ગ્રંથાલયની સરખામણીએ વર્તમાન આધુનિક ગ્રંથાલયની જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે ભૂમિકા બદલાવી જોઈએ અને બદલાઈ પણ છે. આ બાબતમાં શંકાને સ્થાન જ નથી. વળી સાર્વજનિક ગ્રંથાલયનો ઉપયોગકર્તા વર્ગ અન્ય ગ્રંથાલયના પ્રકારની દ્રષ્ટિએ મર્યાદિત ના રહેતા તમામ સમાજમાં રહેનાર હોય છે. અને એટલેજ સાર્વજનિક ગ્રંથાલય એ સમાજના સામાજિક, આર્થિક, સંસ્કૃતિક, રાજકિય વગેરે સર્વક્ષેત્રીય સ્તરે વિકાસમાં પાયારૂપ ભૂમિકા અદા કરતી સામાજિક અને શૈક્ષણિક સંસ્થા છે. જે તેના ગ્રંથ સંગ્રહમાં સંગ્રહિત સ્ત્રોત સામગ્રીને પોતાની વિવિધ સેવાઓ, વિસ્તરણ પ્રવૃત્તિ થકી સમાજના છેવાડાના નાગરિકોને

નીતનવિન માહિતીઓથી વાકેફ કરી પ્રજામાં ગ્રંથાલય અભિમુખતા કેળવી તેમના સર્વતોમુખી વિકાસમાં ભાગીદાર થવાનું પાયાનું કાર્ય કરે છે.

જાગૃત ઉપયોગકર્તાવર્ગ, નિષ્ણાંત કર્મચારીગણ અને માહિતી સામગ્રીમાં અધ્યતનતા આ ત્રિમૂર્તિ સાથે સાર્વજનિક ગ્રંથાલયોનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો છે અને ખરા અર્થમાં જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા ઉલ્લેખનીય છે.

<u>અર્થ અને વ્યાખ્યા:</u>

જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે સાર્વજનિક ગ્રંથાલયોની બદલાતી ભૂમિકા વિષય ધ્યાનમાં રાખીએ તો ગ્રંથાલય, ગ્રંથપાલ અને જ્ઞાન આધારિત સમાજ જે શબ્દોને સમજવા જરૂરી બને છે.

ગ્રંથાલય જે ગ્રંથ + લય અને ગ્રંથ + આલય, જેના વિષે કહીએ તો ગ્રંથાલય દ્વારા વાંચન, શિક્ષણ અને શોધ પ્રક્રિયા આ ત્રણેયનો સમન્વય થઇ શકે છે. ગ્રંથાલય એ શિક્ષકની ગરજ સારે છે. ગ્રંથાલય એ એક શિક્ષક જ છે જેનાથી વંચિત રહેતો વર્ગ પોતાની જાતને અને સમાજને કશું જ નવીન જ્ઞાન આપી શકતો નથી.

સાર્વજનિક ગ્રંથાલય જે કોઈપણ જાતના અંકુશ વગર મુક્ત વાતાવરણમાં સ્વયંમ વિકાસ સાધવાનું સાધન છે, માટેજ સાર્વજનિક ગ્રંથાલયને જન સમાજના વિશ્વ વિદ્યાલયનું બિરૂદ આપ્યું છે. જેના વિષે કહીએ તો,

A library is providing essentially public service. This can manage largely out of public money. so we can say that library is running by the people, for the people. It is also called as people's university.

ગ્રંથપાલ શબ્દ સમજીએ તો, A librarian is for the readers, and this is universal truth that no one can provide valueable and expert services without a qualified librarian.

જયારે જ્ઞાન આધારિત સમાજ એટલે કે is the type of society needed to complete and succeed in the changing economic and political dynamics of the modern world. It refers to societies that are well – educated and who therefore rely on the knowledge of their citizens to drive the innovation, entrepreneurship and dynamism of that society's economy.

<u>સાર્વજનિક ગ્રંથાલયના હેતુઓ:</u>

ડો. એસ. આર. રંગનાથન દ્વારા પ્રતિપાદિત સાર્વજનિક ગ્રંથાલયના હેતુઓ

- ✓ સમાજની વ્યક્તિ માત્રને જીવનપર્યંત સ્વશિક્ષણ માટે સહાયભૂત થવું.
- ✓ સમાજની વ્યક્તિ માત્રને તટસ્થ અને સમતોલ વાંચન આહાર પૂરો પાડવો.
- ✓ સંશોધનમાં મદદરૂપ થવું તથા સમાજની આબાદી અને ઉત્થાન માટે દેશના સાંસ્કૃતિક વારસાની સાચવણી કરવી.
- ✓ સંશોધનકાર, આયોજક અને વૈજ્ઞાનિકને સુસંગત માહિતી પૂરી પાડી રાષ્ટ્રિય વિકાસમાં સહાયક થવું.
- ✓ સમાજની પ્રત્યેક વ્યક્તિના નવરાશના સમયને રચનાત્મક પ્રવૃત્તિ તરફ વાળવો.

સાર્વજનિક ગ્રંથાલયની જરૂરિયાત:

સાર્વજનિક ગ્રંથાલયની અનિવાર્ય જરૂરિયાત માટે મુખ્યત્વે નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- ✓ વિવિધ ધર્મ અને જ્ઞાતિના લોકોમાં એકતાની ભાવના વાંચન દ્વારા કેળવાય.
- ✓ બે દેશો અને બે દેશોની પ્રજાઓ વચ્ચે આંતરરાષ્ટ્રિય સમજુતી કેળવાય.
- ✓ લોકશાહીના મૂલ્યોને વાંચન દ્વારા સુદ્રઢ કરવા.
- ✓ વિજ્ઞાન અને યંત્ર ઉદ્યોગમાં થયેલ પ્રગતિ લોકો સુધી પહોચાડવા.
- ✓ નવા જ્ઞાનનો સંચાર કરવા.
- ✓ લોકોને સ્વતંત્ર રીતે વિચારતા કરવા.
- ✓ ફુરસદના સમયનો ઉપયોગ કરવા.

સાર્વજનિક ગ્રંથાલય એક સામાજિક સંસ્થા તરીકે:

સાર્વજનિક ગ્રંથાલયના હેતુંઓ અને કાર્યો પરથી એ સ્પષ્ટપણે કહી શકાય કે એક સાર્વજનિક ગ્રંથાલયે એક સામાજિક સંસ્થા તરીકે ભૂમિકા ભજવવાની છે અને તે જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટેની ભૂમિકા ભજવવાની છે. આ રીતે સાર્વજનિક ગ્રંથાલયની ભૂમિકા જોઈએ તો,

- ✓ ગ્રંથાલય એ જાહેર જનતાની વિદ્યાપીઠ.
- ✓ ગ્રંથાલય શિક્ષણનું જોડાણ કરાવે છે.
- ✓ ગ્રંથાલય સામાજિક એકતા લાવે છે.
- ✓ ગ્રંથાલય શાળા શિક્ષણ માટે પુરકરૂપ છે.
- ✓ ગ્રંથાલય લોકશાહી તથા સમૂહ શિક્ષણ સહાયક બને છે.
- ✓ ગ્રંથાલય વાંચનવૃતિને ઉતેજન આપે છે.
- ✓ ગ્રંથાલય સમાજનું સાંસ્કૃતિક સ્તર ઊંચું લાવે છે.

નવોદિત પ્રોદ્યોગિકીઓ અને ગ્રંથાલય:

આધુનિક રૂપ ધારણ કરતી માહિતી અને પ્રત્યાયન પ્રોદ્યોગિકીએ ગ્રંથાલય માટે પરિવર્તન અને રૂપાંતરનો માર્ગ તૈયાર કર્યો છે. એટલેજ ગ્રંથાલય શબ્દ આજે outdated ગણાય છે. જયારે Information Center, Information Analysis Center, Referral Center જેવા શબ્દોનો જન્મ થઇ ચુક્યો છે. ગ્રંથાલયો માત્ર માહિતીના આદાન પ્રદાન વચ્ચેની પ્રત્યાયન કડી ન બની રહેતા તેનો વિસ્તાર સંસ્થાઓ, સમુદાયો અને દેશાવર સુધી પહોંચ્યો છે. આજે સ્થાનિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંચિત માહિતીની પ્રાપ્તિ નવી પ્રોદ્યોગિકીની મદદથી શક્યા બની છે. ઉપયોગકર્તાની માહિતી જરૂરિયાતો અને માહિતી શોધમાં પણ બદલાવ આવ્યો છે. કહેવાનો મતલબ એજ કે નવીન માહિતી પ્રોદ્યોગિકીઓ, માહિતી પુનઃપ્રાપ્તિ અને સંક્રમણ વગેરેની બાબતોમાં ગ્રંથાલયો પર મોટી અસર પડી છે. પરંપરાગત ગ્રંથાલયો હવે ઝડપથી હાઈબ્રિડ ગ્રંથાલયો કે ડીજીટલ ગ્રંથાલયો બનવા જઇ રહ્યા છે. ઇન્ટરનેટ અને નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ આ સંક્રાન્તિમાં મહત્વનો ફાળો છે. જેની અસર ગ્રંથાલય પ્રક્રિયાઓ અને સેવાઓ પર પડી છે, તેમજ ગ્રંથાલયો આજે ૨૪ * ૭ એટલે કે ૨૪ કલાક અને ૭ દિવસ કામ કરતા થયા છે. મુદ્રિત

માધ્યમના સ્થાને ધીરેધીરે ડીજીટલ માધ્યમ આકાર લઇ રહ્યું છે. વ્યાપકપણે ગ્રંથાલયો સ્ત્રોત સહભાગીકરણ અને માહિતી નેટવર્કસ તરફ વળી રહ્યા છે અને ધીમી તેમજ મક્કમ ગતિએ ભૌતિક ગ્રંથાલયમાંથી વર્ચ્યુઅલ ગ્રંથાલય બનવા જઇ રહ્યા છે.

આ બાબત નીચે દર્શાવેલ મુદ્દા પરથી સ્પષ્ટ સમજી શકાશે કે,

- ✓ સાર્વજનિક ગ્રંથાલયોનો માહિતી કેન્દ્ર કે કોમ્યુનીટી સેન્ટર્સ તરીકે ઉદય
- ✓ ગ્રંથ સંગ્રહની વ્યાપકતા અને અધ્યતાનતા
- ✓ ઉપયોગકર્તાને માહિતી લેવડદેવડ કરવાની વિવિધ કાર્ય પદ્ધતિ
- ✓ ગ્રંથાલય યાંત્રિકીકરણનો ગ્રંથાલય હેતુની પૂર્તિમાં ફાળો

વગેરે ને લીધે જ્ઞાન આધારિત સમાજનું નિર્માણ શક્ય છે અને આ માટે સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા બદલાઈ છે. સાર્વજનિક ગ્રંથાલયોએ આ ભૂમિકા સ્વીકારી House of learning કે House of wisdom જેવું ઉપનામ મેળવ્યું છે.

સાર્વજનિક ગ્રંથાલય વ્યવસ્થાપન:

વર્તમાન સાર્વજનિક ગ્રંથાલય જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે સશક્ત ભૂમિકા ભજવે છે અને તેના વ્યવસ્થાપન વિભાગોની વાત કરીએ to સાર્વજનિક ગ્રંથાલયોમાં

- ✓ રમકડા વિભાગ
- ✓ બાળકિશોર વિભાગ
- ✓ મહિલા વિભાગ
- ✓ સંદર્ભ વિભાગ
- ✓ પ્રસ્તુત સંદર્ભ સેવા વિભાગ
- ✓ સંશોધન વિભાગ
- ✓ ઇન્ટરનેટ વિભાગ
- ✓ ડીજીટલ ગ્રંથાલય વિભાગ
- ✓ આઈ ટી વિભાગ
- ✓ શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન વિભાગ

ઉપરોક્ત વિભાગો દ્વારા ગ્રંથાલયો દ્વારા પોતાની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જયારે સાર્વજનિક ગ્રંથાલયોના સ્ત્રોતોમાં

- ✓ ગ્રંથો
- ✓ સંદર્ભ ગ્રંથો
- ✓ સામયિકો
- ✓ પેપર ક્લિપિંગ
- ✓ આર્ટ અને પિકચર ગેલેરી
- ✓ વીડિઓ કેસેટ, સીડી, ડિવીડી
- ✓ બ્રેઈલ અને ટોકિંગ લાયબ્રેરી

વગેરેનો સમાવેશ થાય છે. જયારે ગ્રંથાલયોના સ્ત્રોતોના મહતમ ઉપયોગ માટે વિવિધ સેવાઓ અને અસરકારક પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેમાં

- ✓ માહિતી સેવા
- ✓ અનુલય સેવા
- ✓ પ્રતિલિપિ સેવા
- ✓ ઇન્ટરનેટ સેવા
- ✓ ગ્રંથાલય અભિગમ
- ✓ ગ્રંથાલયના પથદર્શકોનો ઉપયોગ
- ✓ વિશિષ્ટ સેવા જેમ કે પુસ્તક મેળા, સેમીનાર, વર્કશોપ

ઉપરોક્ત સેવાઓ ઉપરાંત અત્યારના યુગમાં ગ્રંથાપલોની ભૂમિકા નીચે મુજબ જોવા મળે છે.

- ✓ ઉપભોક્તાઓની માહિતી જરૂરિયાતો ઓળખનાર કુશળ સવાંદકર્તા
- ✓ અગાધ માહિતી સાગરમાંથી ઉપયોગકર્તાને ઉપયોગી એવી કોઈપણ ફોર્મેટમાં રહેલ માહિતી શોધનાર સુકાની
- ✓ ઉપલબ્ધ માહિતી અને માળખાનો સુમેળ બેસાડી ઉપયોગકર્તાને અનુકુળ કરી આપનાર અનુકુલનકાર
- ✓ માહિતીના વિવિધ ફોર્મેટ સાથે સુપરિચિત હોય અને જરૂર પડે ત્યાં ઉપયોગકર્તાને કેળવવા માટે સાપેક્ષ માર્ગદર્શન આપનાર કેળવણીકાર
- ✓ ગ્રંથાલય સેવાઓનું માર્કેટિંગ કરનાર ઉદ્યોગ સાહસિક
- ✓ વેબયુગમાં માહીતીસેવાઓ પ્રદાન કરતી વખતે ચોકકસપણે નીતિની સમાજ ધરાવનાર નીતિજ્ઞાતા
- ✓ યોગ્ય માહિતી, યોગ્ય સમયે, યોગ્ય વાંચકને યોગ્ય સ્ત્રોતમાંથી પૂરી પાડનાર માહિતી આકલંન કાર

એટલેકે ગ્રંથપાલ પાસે ઉપરોક્ત બાબતની આવડત બની રહે તે માટે આજીવન વિદ્યાર્થી બની રહેવાનું હોય છે.

<u>ભાવી વિકાસ અંગે મંતવ્ય:</u>

ડો. એસ. આર. રંગનાથનના પાંચ સુત્રો ધ્યાનમાં રાખતા વર્તમાન સમય કરતા ભાવી હંમેશા પડકારરૂપ જ રહેવાનું છે. કારણકે જેવી રીતે ઔદ્યોગિક ક્રાંતિ, રાજકીય ક્રાંતિ, શ્વેત ક્રાંતિ, હરિયાળી ક્રાંતિ જોવા મળી છે તેમ ગ્રંથાલયોમાં ઈ ક્રાંતિ આવી છે. પરિણામે Library આજે E – Library એટલેકે, ગ્રંથાલયોના કાર્યો અને સેવાઓ ઇલેકટ્રોનિકસ સાધનો જે કમ્પ્યુટર અને નેટ દ્વારા અપાતા હોય છે. જયારે ગ્રંથાલયોના સાધનો આજે E – Tools જેવાકે Computer, Printer, CD, DVD, Barcode Reader હોય અને વાંચન સામગ્રી સ્વરૂપ કે જે ઇલેકટ્રોનિક સ્વરૂપ હોય જેમ કે E – Book, E – Journal, E – Database, E – Mail, E – News, Internet.

ઉપરોક્ત બાબત ધ્યાનમાં રાખતા નીચેના મુદ્દા જો ધ્યાનમાં રાખવામાં આવે તો જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા યોગ્ય જ રહેવાની છે અને હરીફાઈયુક્ત વાતાવરણમાં પોતાનું સ્થાન ચોકકસ મજબુત બનાવી શકશે. વર્તમાન સમયમાં ગ્રંથાલય માટે કહી શકાય કે

- ✓ ગ્રંથાલયના ગ્રંથ સંગ્રહમાં વિવિધતા હોય

- ✓ ગ્રંથાલયના ઉપયોગકર્તા વર્ગને ધ્યાનમાં રાખી ગ્રંથ સંગ્રહ અને પસંદગીની પ્રક્રિયા
- ✓ ગ્રંથાલય પ્રવૃતિને અસરકારક રીતે ચલાવવા તાલીમ પામેલ અને વ્યવસાયિક શિક્ષણ પ્રાપ્ત કરેલ ગ્રંથપાલ અને કર્મચારીગણ
- ✓ કર્તવ્યનિષ્ઠા અને જવાબદારીની ભાવના અંગે જાગૃતતા
- ✓ પુસ્તકો ઉપરાંત અન્ય મુદ્રિત વાંચન સામગ્રી અને સમયની માંગ અનુસાર અગ્રંથ સંગ્રહ
- ✓ ગ્રંથાલયના ઉપયોગકર્તાને મહતમ સંતોષ આપવા વિવિધ વિસ્તરણ પ્રવૃતિનો ઉપયોગ
- ✓ ગ્રંથાલયના કાર્ય અને ટેકનિકલ પ્રક્રિયામાં યાંત્રિક સાધન સામગ્રીનો વિશેષ ઉપયોગ
- ✓ ઉપયોગકર્તાની રસ રુચિ અને વાંચન ટેવ વિકસે તે માટે વિવિધ વિભાગો અને સેવાઓ

વર્તમાન સમયમાં ગ્રંથાલયોની સમાજ, રાષ્ટ્ર પ્રત્યે જવાબદારી સમજી ઉપરોક્ત પ્રવૃત્તિનો અમલ થઇ જ ચુક્યો છે, જરૂર છે આ પ્રક્રિયામાં ગતિશીલતા. સામાન્ય અર્થમાં સાર્વજનિક ગ્રંથાલય લોકશાહી સમાજના સિદ્ધાંત અનુસાર લોકો વડે ટેકો આપવામાં આવે છે અને લોકો દ્વારા જ તેનો ઉપયોગ થાય છે. એટલેકે સાર્વજનિક ગ્રંથાલય સમાજમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ માટે એક વિદ્યાપીઠ સમાન કાર્ય કરે છે. આ કદી ન ભૂલવું જોઈએ.

<u>સમીક્ષા:</u>

સમાજનો સર્વાંગી વિકાસ કરવો હોય તો સમાજના પ્રત્યેક વ્યક્તિને વિકાસની તક મળવી જોઈએ. કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સાર્વજનિક ગ્રંથાલય સેવા પૂરી પાડવી જોઈએ કારણકે સમગ્ર માનવજાતિની વૈચારિક ઉત્ક્રાંતિ માટે ગ્રંથાલય જરૂરી બની રહ્યું છે. સમાજને વૈચારિક વારસો તો ગ્રંથાલય પાસેથી જ મળે છે. ગ્રંથાલય એ શિક્ષણનો ફેલાવો તથા માહિતી વિતરણ માટેનું એક સૌથી અસરકારક અને કરકસરભર્યું માધ્યમ છે. ગ્રંથાલયમાં રહેલા સ્ત્રોતોના ઉપયોગથી કોઈપણ ઉપયોગકર્તા તેના કાર્યમાં નિપૂર્ણતા પ્રાપ્ત કરીને વ્યક્તિગત વિકાસ અને સાથોસાથ સમાજ તેમજ દેશના વિકાસમાં સહયોગ આપી શકે છે અને આ આધારે જ જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા યોગ્ય દિશામાં જઇ રહી છે એમ કહેવામાં અતિશયોક્તિ નહિ રહે.

સંદર્ભો:


- Kumar, Krishan (2008). Library organization. New Delhi: Vikas Publishing House Pvt. Ltd.
- Kumar, P.S.G.(2003).Foundations of Libraryand Information Science. Delhi: B.R. Publishing Corporation.
- Satyanarayana, N.R. (2003). A Manual of Library Automation and Networking. Lucknow: New Royal Book Co.
- Singh, Gurdev (2013). Information Sources, Services and Systems. Delhi: PHI Learning Private Limited.
- Tripathi, S.K.M.,Lal, C. and Kumar, K. (2014). Granthalay evam Samaj. New Delhi: Ess EssPublications.
- Sinh, Rajesh Kumar (2011). Pushtakalay Suchana, Sanchar evam Samaj. New Delhi: University Publication.
- Sinh, Ajit (2012). Granthalayo Ka Itihaash tathaVikas. Delhi: Aarya Publications.
- Bhaiya, Chhagan (1978).Granthalay Sahakar Ane Sayojan. Ahmedabad: GurjarGranthratnaKaryalay.
- Wikipedia (N.D), Library Retrived from http://en.wikipedia.org/wiki/library
- Dhiman, Anil K. and Rani, Yashoda (2005). Learn Library and Society. New Delhi: Ess Ess Publications.